# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 13-04-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ ગુજરાત લોકસભાની 26 સહિત 94 બેઠકોની આગામી સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામુ બહાર પડતા ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો આરંભ થયો છે.
- ✓ મુખ્યચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, રાજ્યમાં યોજાનારી ચૂંટણીમાં 27 નિરીક્ષકો, 28 ખર્ચ નિરીક્ષકો અને 14 પોલીસ નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી છે.
- ✓ ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતા જ રાજ્યની અનેક લોકસભા બેઠકો પરથી ઉમેદવારી પત્રોની વહેંચણી શરૂ થઈ.
- ✓ લોકસભાની ચૂંટણીમાં મતદારો પોતાના મતનો ઉપયોગ કરે તે માટે રાજ્યભરમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.
- ✓ હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારોમાં આજથી બે દિવસ સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે.

## 3RD PHASE NOTIFICATION

ગુજરાતની લોકસભાની 26 સહિત 94 બેઠકોની આગામી સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતાં ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો આરંભ થયો છે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત, બિહારની

પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, 20મીએ તેમની ચકાસણી થશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ છે, જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અન્ય એક ખાલી પડેલી વિધાનસભા બેઠક વિસાવદર ઉપર પેટાચૂંટણી જાહેર થઇ નથી.

દરમિયાન, લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાતમાં ભાજપે કેન્દ્રીય મંત્રીઓ અને પ્રમુખ નેતાઓના ઉમેદવારી પત્રો ભરવાની તારીખ નક્કી થઇ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 19 એપ્રિલે ગાંધીનગરથી, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા 15 એપ્રિલે પોરબંદરથી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા 16 એપ્રિલે રાજકોટથી, કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ 16 એપ્રિલે નડિયાદથી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ 18 એપ્રિલે નવસારીથી ઉમેદવારી નોંધાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપે પોતાના 26 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે, જ્યારે રાજ્યમાં કોંગ્રેસે 24 બેઠકો પર ચૂંટણી જંગમાં ઝંપલાવશે.

.................

## GANDHINAGAR P BHARTI ON COMPLAIN

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને રાજ્ય વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે રાજ્યમાં 27 નિરિક્ષકો, 28 ખર્ચ નિરીક્ષકો અને 14 પોલીસ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે.

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત 756 ફ્લાઈંગ સ્કવોડ દ્વારા અત્યાર સુધીમાં 86 કરોડ 82 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થવાની સાથે જ રાજ્યભરમાં 1 હજાર 203 સ્ટેટીક સર્વેલન્સ ટીમ કાર્યરત થઈ ગઈ છે. ગઈકાલે ગાંધીનગર ખાતે યોજાયેલ પત્રકાર

પરિષદમાં વધુ માહિતી આપતા મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું હતું,

(બાઈટ - પી.ભારતી, મુખ્ય ચૂંટણી અધિકારી)

.................

## START OF NOMINATION PAPER

લોકસભા, વિધાનસભા તેમજ પેટા ચૂંટણી માટે ગઈકાલથી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ છે.

રાજ્યમાં કુલ 26 લોકસભા બેઠકો પર લોકસભા ચૂંટણી, પાંચ બેઠકો પર વિધાનસભા ચૂંટણી માટે જાહેરનામું પણ બહાર પડાયું છે.

જે અંતર્ગત પાટણ બેઠક માટે એક અપક્ષ ઉમેદવારે ફોર્મ ભર્યું હતું જ્યારે 15 જેટલા ઉમેદવારી પત્ર લઈ જવામાં આવ્યા હતા.ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી 16મી તારીખે જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોર 18મી તારીખે ઉમેદવારીપત્ર ભરશે.અમદાવાદની પૂર્વ અને પશ્ચિમ બેઠક માટે એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી. જ્યારે 44 જેટલા લોકો દ્વારા 98 ઉમેદવારીપત્રો લઈ જવામાં આવ્યા છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## VOTER AWARENESS

આગામી લોકસભા ચૂંટણીમાં મતદારો પોતાના મતનો ઉપયોગ કરી શકે અને મહત્તમ મતદાન થઈ શકે તે માટે રાજ્યભરમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં સંબંધિત ઝોનલ અધિકારીઓ દ્વારા ઘરે ઘરે જઈને મતદાન આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરાયું હતું. ઉપરાંત જસદણ

વિધાનસભા વિસ્તાર ખડવાવડી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ 'તમારું મતદાન લોકતંત્રનો પ્રાણ' જેવા વિવિધ સ્લોગન અને પોસ્ટરથી ગામના લોકોને મતદાન માટે જાગૃત કર્યા હતા.

દરમિયાન લાખાપર તાલુકા શાળા અને લીલી સાજડીયાળી કન્યા વિદ્યાલય ખાતે 'ચુનાવ પાઠશાળા' યોજાઈ હતી.

.................

## BJP Yamal Vyas

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના પ્રવક્તા યમલ વ્યાસે કોંગ્રેસ પક્ષની ટીકા કરી છે.

તેમણે જણાવ્યું કે સમગ્ર દેશ અને ગુજરાતમાં કારમી હાર ભાળી ગયેલ કોંગ્રેસ હવે તેની હતાશામાં વિધાનસભાના અધ્યક્ષશ્રીના ગરીમામય પદને પણ નુકસાન પહોંચાડવાના પ્રયત્ન કરી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસના એક ઉમેદવાર અધ્યક્ષશ્રીના પદની ગરીમા ન જળવાય તેવા અનેક વિધાનો જાહેરમાં કરતા આવ્યા છે.

કોંગ્રેસે ચૂંટણીપંચમાં જે કાર્યક્રમ અંગે ફરિયાદ કીર છે તે કાર્યક્રમ પક્ષનો હતો જ નહીં અને આ અંગેનો જવાબ ચૂંટણી પંચમાં આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ આદર્શ આચાર સંહિતાનો ભંગ કર્યો તેવી ફરિયાદ કરી હતી.

.................

## JUNAGADH- KESAR KERI

જુનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ગઇકાલથી ગીર અને તાલાળાની પ્રખ્યાત કેસર કેરીનું આગમન થયું છે..

દર વર્ષ કરતાં આ વર્ષે 15 દિવસ કેરી વહેલી આવી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે પરંતુ સાથોસાથ વીતેલા દિવસોમાં જે રીતે વાતાવરણમાં ફેરફાર થતા હતા

જેને કારણે કેસર કેરીના પાક ઉપર મહદંશે અસર થઈ હોય તેમ પણ તજજ્ઞનું માની રહ્યા છે..

બીજી તરફ આજે જુનાગઢ માર્કેટિંગ યાર્ડમાં પ્રથમ દિવસે કેસર કેરીના 700થી વધુ બોક્સ આવ્યા હતા અને 10 કિલો બોક્સનો ભાવ 1200 રૂપિયાથી લઈ અને 1800 રૂપિયા સુધીનું બોલાયો હતો.. માર્કેટિંગ યાર્ડમાં તાલાળાની કેસર ઉપરાંત મહારાષ્ટ્રની હાફૂસ કેરી પણ નોંધપાત્ર રીતે આવી રહી છે, જેને કારણે જુનાગઢના સ્વાદ પ્રેમી લોકો અત્યારે કેરીનો આસ્વાદ માણી રહ્યા છે.

બીજી તરફ કેરી ઉત્પાદિત કરતા ખેડૂતોના જણાવ્યા અનુસાર, મેના પ્રથમ અઠવાડિયામાં કેસર કરીને વિપુલ આવક શરૂ થશે અને ભાવ પણ 600 રૂપિયા પ્રતિ બોકસે સ્થિર થઈ શકે છે..

.................

## SURENDRANAGAR- PAK VAVETAR

સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલ શરૂ થયા પછી આ વર્ષે ઉનાળુ પાકના વાવેતરમાં ૪ હજાર હેક્ટરનો વધારો થયો છે જેથી ખેડૂતોને સારા ભાવ મળવાની આશા જાગી છે.

સુરેન્દ્રનગર ખેતીવાડી અધિકારી એમ.એ .પરમારે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું..

(બાઇટ-એમ.એ .પરમાર, ખેતીવાડી અધિકારી, સુરેન્દ્રનગર)

.................

## WEATHER

હવામાન વિભાગ દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આજથી બે દિવસ સુધી માવઠાની  આગાહી કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ દાદરા નગર હવેલી જિલ્લાઓમાં છૂટાંછવાયા સ્થળો પર હળવો વરસાદ થવાની સંભાવના છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ વરસાદની સંભાવના છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે, ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવા અથવા પાકને તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવા ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા, એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવા અનુરોધ કરવામાં આવે છે..

.................